પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૧ ૩૧ મે, ૨૦૧૮, ગુરૂવાર ; અ. જેઠ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઈઝરાયલની યુધ્ધની ધમકી

ઈઝરાયલે ફાઈટર જેટસ અને હેલીકોપ્ટર્સ સાથે ગાઝી પર મીલિટરી સ્ટ્રાઈક કરી હતી. ઈઝરાયલે ગૃહ યુધ્ધ ચીમકી આપતા ૫૫ મિલિટન્ટ ટાર્ગેટ કર્યા હતા.

### કેરળ સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડયા

દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવો આસમાને પહોંચ્યા છે ત્યારે કેરળ રાજયે ભાવ ઘટાડાની પહેલ કરી છે. ૧લી જૂનથી અહીં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રૂ.૧નો ઘટાડો થશે.

### કાશીમાં અંતિમ સંસ્કાર માટે આધાર જરુરી

મોક્ષદાયી કાશીમાં અંતિમ સંસ્કાર માટે સ્થાનિક સત્તાતંત્રએ આધારકાર્ડને ફરજીયાત બનાવ્યા છે. દહેજ મામલે કે અન્ય મામલે થયેલી હત્યા બાદ મૃતદેહને બારોબાર અહીં અંતિમ સંસ્કાર માટે લવાતા હોવાની જાણકારી બાદ આ વ્યવસ્થા શરુ કરી છે.

# બેંક હડતાલથી આર્થિક વ્યવહારો ખોરવાયા

**સરકારી કર્મચારીઓના પગારમાં વિલંબની સંભાવના : ૧૦ લાખથી વધુ કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી ગયા : બેંક હડતાળથી નેટ બેંકિંગ, આરટીજીએસ, એનઈએફટી જેવી મહત્વની સેવાઓ ખોરવાઈ : આજે પણ હડતાળ**



નવી દિલ્હી,તા. ૩૦ દેશભરમાં બેંક કર્મચારીઓની બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ આજે શરૂ થઈ હતી. હડતાળના કારણે આજે પ્રથમ દિવસે બેંક સેવા ખોરવાઈ ગઈ હતી. હડતાળના કારણે કેટલાક લોકોના પગાર અટવાઈ પડે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. પગારમાં વિલંબ અને અન્ય બેંકિંગ લેવડદેવડ ઉપર માઠી અસર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. બેંક કર્મચારીઓની હડતાળ આવતીકાલે પણ જારી રહેશે. હડતાળને ઉકેલવાના પ્રયાસો સફળ રહ્યા નથી. જ્યારે પગારનો દિવસ બિલકુલ નજીક આવ્યો છે ત્યારે જ આ હડતાળ પડી છે. બેંક અધિકારીઓ રાષ્ટ્રવ્યાપી હડતાળ ઉપર ઉતરી ગયા છે. જાહેર ક્ષેત્રની બેંકના ૧૦ લાખ લોકો હડતાળ ઉપર ઉતર્યા છે. જો કે, એક્સિસ બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક જેવી ખાનગી બેંકોમાં ઓપરેશન સામાન્ય રહ્યું હતું. ૨૧ જાહેર ક્ષેત્રની બેંકોની કામગીરી આજે ખોરવાઈ ગઈ હતી. દેશમાં કુલ બિઝનેસ પૈકી ૭૫ ટકા બિઝનેસ જાહેર ક્ષેત્રની બેંકો હેઠળ ચાલે છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા માત્ર બે ટકાના પગાર વધારા સામે આ હડતાળની હાકલ કરવામાં આવી છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન ૯ યુનિયનોની છત્ર સંસ્થા તરીકે છે. આજે હડતાળના કારણે મોટી સંખ્યામાં બેંકિંગ કામો અટવાઈ પડ્યા હતા. ૧૦ લાખથી વધારે બેંક

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે ૧૫ એમઓયુ

**આતંકવાદ સામેની લડાઈમાં અમે ઇન્ડોનેશિયાની સાથે ઉભા છીએ : મોદી : ઇન્ડોનેશિયન માટે ૩૦ દિવસના ફ્રી વિઝાની ઘોષણા : ઇન્ડોનેશિયાના પ્રમુખ જોકોની સાથે શિખર વાતચીત બાદ સંયુક્ત નિવેદન : મોદી દ્વારા ભારતીય સમુદાયને સંબોધન**

જાકાર્તા, તા. ૩૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઈન્ડોનેશિયન નાગરિકો માટે ૩૦ દિવસના ફ્રી વિઝાની જાહેરાત કરી હતી. સાથે સાથે ન્યુ ઈન્ડિયાના અનુભવના ભાગરુપે તેમના દેશના પ્રવાસ કરવા ઈન્ડોનેશિયન નાગરિકોને અપીલ કરી હતી. ઈન્ડોનેશિયન પાટનગર જાકાર્તામાં જાકાર્તા કન્વેન્શન સેન્ટરમાં એક કાર્યક્રમમાં બોલતા મોદીએ કહ્યું હતું કે, ન્યુ ઈન્ડિયાનો અનુભવ લેવાનો સમય આવી ગયો છે. ૩૦ દિવસ સુધી પ્રવાસ કરવા માટે ઈન્ડોનેશિયન નાગરિકો માટે કોઈ ખર્ચ રહેશે નહીં. ભારતમાં ઘણા બધા લોકો હજુ સુધી આવ્યા નથી. આ તમામ લોકોને આગામી વર્ષે પ્રયાગમાં કુંભ માટે ભારત આવવા તેઓએ અપીલ કરી હતી. મોદીએ કુંભ મેળા અંગે પણ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પૃથ્વી પર સૌથી મોટી સંખ્યામાં જ્યાં લોકો કોઈ કાર્યક્રમમાં ભેગા થાય છે તે કુંભ મેળા તરીકે છે. અગાઉની સરકારોની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, તેમની પ્રથમ પ્રાથમિકતા દેશને ભ્રષ્ટાચાર મુક્ત, નાગરિકલક્ષી અને વિકાસલક્ષી બનાવવાની રહી હતી. અમારી સરકારે ભારતને ૨૧મી સદીના

● અનુસંધાન પાન-૭ પર


## સીધા જ ખેડૂતથી ગ્રાહક સુધી પહોંચવાની પહેલ

કુદરતી રીતે પાકે તેવી અને આંબા ઉપરથી ‘સાખ’ (અર્ધ પાકેલી) પડ્યા પછી કાળજીપૂર્વક ઉતારેલી ખાત્રી લાયક સારી કેરી મેળવવા માટે નીચેના કેન્દ્રોનો સંપર્ક કરવો.

(૧) ઉમિયા માતાજી સંસ્થાન, સે.૧૨, ગાંધીનગર
(૧) વિષ્ણુભાઈ બી. પટેલ - ૯૬૮૭૮ ૪૭૩૬૬ (૨) પી. કે. પટેલ - ૯૪૨૬૨ ૭૨૭૫૦
(૨) નિલેશભાઈ મનુભાઈ પટેલ - મહાદેવીયા ફાર્મ, સીટી પલ્સ થીયેટર પાસે, રાંદેસણ - મો. ૯૮૯૮૫ ૪૨૭૨૧
(૩) વિપુલભાઈ પી. પટેલ - ડી-૧૦૧, યોગેશ્વર કોમ્પલેક્ષ, કુડાસણ - ૯૮૯૮૫ ૪૨૧૬૦
(૪) નરસિંહભાઈ ચુડાસમા - બ્લોક ૮૩/૨, બી-ટાઈપ, સેક્ટર-૬, મીની શાકમાર્કેટ સામે, ગાંધીનગર. મો. ૯૮૨૫૪ ૬૮૨૯૨
(૫) અરવિંદભાઈ પટેલ-૫૭૩/૧, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર-૯૮૨૪૬ ૦૩૦૧૫
(૬) રૂષિકેશભાઈ ભટ્ટ - પ્લોટ નં. ૧૦/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર. મો. ૯૯૦૯૯૭૬૬૯૬

નોંધ : કેરી પરીપક્વ થયા પછી જ ઉતારવામાં આવે છે. એટલે આવક મર્યાદિત થાય છે. તો એક વ્યક્તિને બે બોક્ષથી વધારે કેરી નહીં આપી શકીએ તો ક્ષમા કરશો. નજીકના કેન્દ્રમાં ફોન કર્યા પછી જ કેરી લેવા જવા વિનંતી.

## Admissions open



When we say our school is a ‘Home away from home’, it means your child is in safe hands, a natural, protective environment and a place that will foster good manners and etiquette – all of this while learning the best from the best. Your little ones should be here, right here at Little Angels’… No second thoughts, come, visit us today!

Admissions open for Playgroup, LKg, UKg, Std I to Std VIII

Monday to Friday, 10am to 12 noon

**Little Angels' School**

Address : 682/2, Govt Quarters, Sector-8, Gandhinagar. Phone: 079-23245153




## રવિવારે છેલ્લો દિવસ

રત્નાગીરી હાફુસ કેરી તથા પાયરી કેરી તથા સૌરાષ્ટ્ર અને કચ્છની કેસર કેરી માટે જુજ દિવસ બાકી. અમારી દુકાન ૩/૬/૨૦૧૮ને રવિવારે છેલ્લો દિવસ

સહકાર બદલ આભાર

**રહીમચાચા**

રૂપકલા જ્વેલર્સની બાજુમાં, નવદીપ કિરાણા પાછળ, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

**MOUNT CARMEL HIGH SCHOOL**
SECTOR-21, GANDHINAGAR

ધો.૧૧ સાયન્સ (ગુજરાતી માધ્યમ) ADMISSION OPEN

જૂન-૨૦૧૮ થી ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહ ગુજરાતી માધ્યમ (ગ્રાન્ટેડ) ની મંજુરી મળેલ છે. ધો.૧૦ ના બોર્ડના પરિણામ જાહેર થયાના દિવસથી પ્રવેશ કાર્યવાહી શરૂ થશે.

KNOWLEDGE TO ACTION phfi
INDIAN INSTITUTE OF PUBLIC HEALTH GANDHINAGAR

**ADMISSIONS OPEN-2018**

First Public Health University in India

Excellent placement opportunities : more than 95% placement record

**MHA** Master of Hospital Administration (2 yrs/FT)

**MPH** Master of Public Health (2 yrs/FT)

For Application :
Email : contact@iiphg.org
Ph. : 079-66740700 / 66740704 (M) 9428826577
PHFI : www.phfi.org
Website IIPHG : www.iiphg.edu.in

